| PUBLICATION NAME : | Divya Bhaskar (City Bhaskar |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 21/04/2023 |
| PAGE : | 9 |

# દેશના 60% યુવકો ડિગ્રી હોવા છતા માર્કેટ ડિમાન્ડને નથી પહોંચી શકતાં

ગાંધીનગર : "યુવાનોને કહો કે ખેતી, પશુપાલન કે ઘરનું કામ કરવાનું કહે તો ડિગ્રી છે એટલે આવું કામ ન કરે તેમ કહે છે. ફક્ત ડિગ્રી છે એટલે કામ આવડે છે તેવું નથી. આ પ્રથાને તોડવી પડશે. ડિગ્રીનો અર્થ કૌશલ્ય અને યોગ્યતા નથી. ભારતમાં 60 ટકા યુવાનો પાસે ડિગ્રી છે પરંતુ આનાથી તેઓ માર્કેટના ડિમાન્ડને નથી પહોંચી શકતા. પ્રેક્ટિકલ નોલેજ વધારે મહત્વનું છે. યુનિવર્સિટીઓ અને કોલેજો જે ડિગ્રીઓ આપે છે અને માર્કેટમાં કૌશલ્યની જરૂરિયાત વચ્ચે ફર્ક છે. પરંતુ તેનો અર્થ એ નથી કે યુવાનો ક્રિએટિવ નથી; યુવાનોમાં યોગ્યતાની ખોટ નથી. તેઓને યોગ્ય માર્ગદર્શન, સલાહ, ટ્રેનિંગ આપવાની જરૂર છે. ઈનોવેશન અને ટેક્નિકલ પ્રોગ્રેસ સાથે સંરેખિત કરવાની જરૂર છે જેથી તેઓ સારું પર્ફોમ કરી શકે. અગાઉના સમયે જ્યારે ભારતને દુનિયા આખી સોનાની ચકલી કહીને સંબોધતી હતી એ ભારત ઉદ્યમિતા પર આધારિત હતું. મોચી, કંસારા, સોની વગેરે ઉદ્યોગો જૂના છે, આ વેપારીઓ કામના બદલામાં સોનું ખરીદતા હતા. આ એક પ્રેક્ટિકલ અભિગમ હતો. અને આમ ભારત દેશ સોને કી ચિડીયા કહેવાતો હતો. આજે પણ આ ઉદ્યોગો તો છે પણ વ્યવસ્થા બદલાય છે. ભારત તેના કૌશલ માટે હંમેશા માટે જાણીતું રહ્યું છે. જીવનમાં પરિશ્રમ અને નવીનીકરણ સફળતાના રસ્તે લઈ જશે. આ પ્રકારનું પ્લેટફોર્મ, જેની નવી શિક્ષણ નીતિ પણ પરિકલ્પના કરે છે, તે ભારતને પ્રગતિશીલ બનાવશે કારણ કે તેમાં ડેમોગ્રાફિક ડિવિડન્ડનો પણ ફાયદો છે. મને ખુશી છે કે અમારી પાસે EDII જેવી સંસ્થાઓ છે જે તાલીમ અને પ્રેરણા દ્વારા આ દિશામાં પ્રયત્નોને પૂરક બનાવી રહી છે. અને આમ પણ ગુજરાતીઓનો તો નારો છે કે અમે નોકરી કરીશું નહીં નોકરી આપીશું"આ શબ્દો છે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના... EDIIએ આંત્રપ્રિન્યોર્શિપ ડેવલપમેન્ટ, એજ્યુકેશન, ટ્રેનિંગ અને સંસ્થાના નિર્માણના 40 વર્ષની ઉજવણી કરી હતી. ઈવેન્ટમાં EDII ના પ્રેસિડન્ટ રાકેશ શર્મા, EDII ગવર્નિંગ બોર્ડના સભ્ય ડૉ. મિલિંદ કાંબલે અને ડૉ. શૈલેન્દ્ર નારાયણે હાજરી આપી હતી. 40 વર્ષ પહેલા ઈડીઆઈઆઈની શરૂઆત 1980ના સમયમાં થઈ ત્યારે આંત્રપ્રિન્યોર્શિપ અંગે ડર હતી. જૂજ લોકો જ તેની તરફેણમાં હતા.